SPIPA

# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા

સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૬૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૬૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

ક્રમાંક: સીસપ-તાલીમ/૨૦૧૮-૧૯/પ્રવેશ પરીક્ષા–૨૦૧૮/આયોજન/૩/સ્ટડી તા.૨૨/૧૧/૨૦૧૮

## UPSC CIVIL SERVICES EXAMINATION TRAINING PROGRAMME 2018-19
## ENTRANCE EXAM – 2018
## અગત્યની સુચના

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા યુપીએસસી સીવીલ સર્વિસીઝ તાલીમ કાર્યક્રમ ૨૦૧૮-૧૯ માટે પ્રવેશ સંબંધિત નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.:-

સંસ્થા દ્વારા પરિણામ સંબંધી પ્રસિધ્ધ કરવામાં આવેલ નોટિફિકેશન અને ત્યારબાદ સુધારેલ જાહેરનામુ સંસ્થાની વેબસાઇટ પર મૂકવામાં આવેલ, સુધારેલ જાહેરનામા બાબતે તમામ ઉમેદવારોને તેઓએ અરજી કરતી વખતે ઓજસ પર ઉપલબ્ધ કરાવેલ તેમના ઇ-મેઇલ આઇ.ડી. તથા મોબાઇલ નંબર પર ઇ-મેઇલ અને **SMS** દ્વારા જાણ કરવામાં આવેલ, અને તે મુજબ પરીણામ **(Result)**ના રીવાઇઝડ મેરિટના ક્રમાનુસાર, તા.૨૬-૧૧-૨૦૧૮ (સોમવાર) અને તા.૨૭-૧૧-૨૦૧૮ (મંગળવાર)ના રોજ નીચે દર્શાવેલ પત્રકની વિગતે રજીસ્ટ્રેશન કેમ્પ, ડીપોઝીટ કલેકશન અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન રાખવામાં આવેલ છે.

<table>
<tr><th>તારીખ</th><th>સમય</th><th colspan="3">વિગત</th></tr>
<tr><td rowspan="6">૨૬-૧૧-૧૮</td><td rowspan="6">સવારે ૯.૦૦ કલાક થી</td><td colspan="3">તમામ વિકલાંગ ઉમેદવારો, ગુજરાત કોમર્સ કોલેજના ૦૩ અનામત ઉમેદવારો</td></tr>
<tr><td colspan="3">મેરિટ નં. ૧ થી ૧૭૬ સુધીમાં સમાવિષ્ટ થતા જનરલ કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો</td></tr>
<tr><td colspan="3">મેરિટ નં. ૧ થી ૩૧૨ સુધીમાં સમાવિષ્ટ થતી જનરલ કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો</td></tr>
<tr><td colspan="3">મેરિટ નં. ૧ થી ૩૧૫ સુધીમાં સમાવિષ્ટ થતા અનુસુચિત જાતિના તમામ પુરુષ અને મહિલા ઉમેદવારો</td></tr>
<tr><td colspan="3">મેરિટ નં. ૧ થી ૨૮૪ સુધીમાં સમાવિષ્ટ થતા અનુસુચિત જનજાતિના તમામ પુરુષ અને મહિલા ઉમેદવારો</td></tr>
<tr><td colspan="3">મેરિટ નં. ૧ થી ૩૨૫ સુધીમાં સમાવિષ્ટ થતા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના તમામ પુરુષ અને મહિલા ઉમેદવારો</td></tr>
<tr><td rowspan="4">૨૭-૧૧-૧૮</td><td rowspan="4">સવારે ૯.૦૦ કલાક થી</td><td colspan="2">મેરિટ નં. ૩૧૩ થી ૭૯૧ સુધીમાં સમાવિષ્ટ થતી મહિલા ઉમેદવારો</td><td>જનરલ કેટેગરી</td></tr>
<tr><td>મેરિટ નં. ૩૧૬ થી ૯૮૨ સુધીમાં સમાવિષ્ટ થતી મહિલા ઉમેદવારો</td><td>મેરિટ નં. ૩૧૬ થી ૩૮૩ સુધીમાં સમાવિષ્ટ થતા પુરુષ ઉમેદવારો</td><td>અનુસુચિત જાતિ</td></tr>
<tr><td>મેરિટ નં. ૨૮૫ થી ૧૩૫૫ સુધીમાં સમાવિષ્ટ થતી મહિલા ઉમેદવારો</td><td>મેરિટ નં. ૨૮૫ થી ૧૨૯૯ સુધીમાં સમાવિષ્ટ થતા પુરુષ ઉમેદવારો</td><td>અનુસુચિત જનજાતિ</td></tr>
<tr><td>મેરિટ નં. ૩૨૬ થી ૧૩૦૬ સુધીમાં સમાવિષ્ટ થતી મહિલા ઉમેદવારો</td><td>મેરિટ નં. ૩૨૬ થી ૪૫૮ સુધીમાં સમાવિષ્ટ થતા પુરુષ ઉમેદવારો</td><td>સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ</td></tr>
</table>

ઉપર દર્શાવ્યા મુજબ, જાહેરનામાના સુધારામાં દર્શાવ્યાનુસાર, ઉક્ત પત્રકમાં દર્શાવેલ મેરિટ નંબરના પ્રવેશ મેળવવા ઈચ્છતા સંબંધિત ઉમેદવારોએ નિર્ધારિત સમય અને સ્થળે અચૂક હાજર રહેવા આથી ફરી તાકિદ કરવામાં આવે છે. તેમજ અગાઉ જણાવ્યાનુસાર, અનિવાર્ય સંજોગોમાં જો કોઈ ઉમેદવાર રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહી શકે તેમ ન હોય તો તેણે તેના પ્રતિનિધિને પોતાના અસલ અને સ્વયં પ્રમાણિત ડોક્યુમેન્ટસ અને ડિપોઝીટ, બોન્ડ, બાંહેધરી પત્ર વગેરે જેવા જરૂરી તમામ આધારપુરાવા સાથે નિયત તારીખે હાજર રાખવાના રહેશે અને આ અંગેની જાણ સંસ્થાને spipa.trg1819@gmail.com પર તા. ૨૦/૧૧/૨૦૧૮ સુધી મોકલી આપવા જણાવેલ તેમ છતાં તેઓને વધુ એક તક આપતાં જો કોઇ સંજોગોવસાત આવી શકે તેમ ના હોય તો ઉપર દર્શાવેલ ઇ-મેઇલ આઇ.ડી. પર તા.૨૪/૧૧/૨૦૧૮ના રોજ ૨૩:૫૯ કલાક સુધી જાણ કરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં, તા. ૨૬ અને ૨૭ નવેમ્બર,૨૦૧૮ના રોજ ગુજરાત કોમર્સ કોલેજ ખાતે યોજાનાર પ્રથમ તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ અન્વયે કેટલીક અગત્યની સૂચનાઓ સર્વે ઉમેદવારોએ ધ્યાને લેવાની થાય છે જે નીચે મુજબ છે.

૧) અગાઉ સંસ્થાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરેલ સુધારેલ જાહેરનામામાં દર્શાવ્યા મુજબ નવા મેરીટ નંબર મુજબના સંબધિત ઉમેદવારોએ જ તેમને લાગુ પડતી તારીખના રોજ રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહેવાનું થશે , તે સિવાયના અન્ય ઉમેદવારોએ હાજર રહેવાનું થતું નથી.

૨) પ્રથમ તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ બાદ જે તે સેન્ટર ખાતે ખાલી રહેતી જગ્યાઓ માટે કેટેગરી વાઈઝ અને મેરીટ નંબર વાઈઝ દ્વિત્તીય તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ માટે બાકી રહેતા ઉમેદવારોને બોલાવવામાં આવશે, જેની તારીખ અને સ્થળની જાણ સંસ્થાની વેબસાઈટ પર અલગથી કરવામાં આવશે.

૩) પ્રથમ તબક્કામાં જે ઉમેદવારોએ હાજર રહેવાનું છે તેઓના Google Form ના માધ્યમથી સેન્ટર પ્રેફરન્સ મંગાવવામાં આવેલ , તે મુજબ ઉમેદવારોએ પ્રેફરન્સ મોકલી આપેલ છે. જે અન્વયે જણાવવાનું કે, માત્ર સેન્ટર પ્રેફરન્સ મોકલી આપ્યેથી સંસ્થા ખાતે આપને પ્રવેશનો હક્ક મળતો નથી, આપે નિયત તારીખે રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહી આપના ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી અને ડિપોઝિટ ભરવી આવશ્યક છે ત્યારબાદ જ આપનો પ્રવેશ માન્ય ગણાશે.

વધુમાં, જે ઉમેદવારોએ સુધારેલ જાહેરનામામાં દર્શાવેલ લિંક પર થી **Google Form** માં તાલીમ માટેના પોતાની પસંદગીના તાલીમસ્થળ માટેના સેન્ટર પ્રેફરન્સ આપેલ છે, અને તેવા ઉમેદવારો પૈકી પણ જો કોઇ ઉમેદવારો કોઇ સંજોગોવસાત અનિવાર્ય કારણોસર ઉકત તારીખોએ રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહી શકે તેમ ના હોય તો તેવા ઉમેદવારોએ અચૂકપણે ઉપર દર્શાવેલ ઇ-મેઇલ આઇ.ડી. પર તા. ૨૪/૧૧/૨૦૧૮ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં આ અંગેની જાણ કરવાની રહેશે, કે જેથી તેમના મેરિટ અને કેટેગરીના આધારે અનામતનીતિ મુજબ તેઓને મળવાપાત્ર સીટ પર તેમનો પ્રવેશ રાખી શકાય.

૪) પ્રથમ તબક્કામાં હાજર રહેવાનું થાય છે તેવા ઉમેદવારો કે જેઓએ હજુ સુધી પોતાના સેન્ટર પ્રેફરન્સ આપેલ નથી તેઓએ રજીસ્ટ્રેશન કેમ્પના સંબંધિત દિવસે નિયત સમયાનુસાર, રૂબરૂ હાજર રહેવુ અને તે દિવસે એટેન્ડંસશીટના પત્રકમાં સહી કરતી વખતે પોતાના નામની સામે સંબંધિત કોલમમાં સેન્ટર પ્રેફરન્સની પસંદગી પ્રમાણે ઉતરતા ક્રમમાં એન્ટ્રી કરવાની રહેશે, ઉકત દિવસે ગેરહાજર રહેનાર અને સેન્ટર પ્રેફરન્સ નહી આપનાર ઉમેદવારની ત્યારબાદ કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં અને તેઓને કેમ્પ બાદ જે સીટો ખાલી રહેશે તે જ સીટો પર પ્રવેશ આપવામાં આવશે. જે તમામે ધ્યાને લેવાનું રહેશે.

૫) રજીસ્ટ્રેશન કેમ્પ સમયે ઉમેદવારોએ Biodata Form માં દર્શાવેલ પોતાના તમામ અસલ અને પ્રમાણિત નકલ સહિતના ડોક્યુમેન્ટસ તેમજ બોન્ડ, બાંહેધરી, ડિપોઝીટ વગેરે લઈને અચૂક હાજર રહેવુ.

૬) જે ઉમેદવાર પોતે હાજર નથી રહી શકવાના તેઓએ પોતાના પ્રતિનિધીને ઉક્ત મુદ્દા નં. ૫મા દર્શાવ્યા મુજબના તમામ જરૂરી ડોક્યુમેન્ટસ લઈને હાજર રાખવાના આથી જણાવવામાં આવે છે.

**Sd/-**

સંયુક્ત નિયામક(સ્ટડી)

સ્પીપા, અમદાવાદ